**<u>મે. અમદાવાદ ખાતેના મજૂર અદાલતના જ્યુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૧૯૫/૨૦૨૩.</u>**

**આંકઃ–૮**

**ફરિયાદીઃ– નામદાર સરકારશ્રી તરફે શ્રી એન.એન.પટેલ,**
ઈન્સ્પેક્ટર ઓફ ઈન્સ્પેક્શન ઓફ બિલ્ડીંગ એન્ડ
અધર કન્સ્ટ્રકશન, અમદાવાદ.
કચેરીઃનિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય,
પમો માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ–૩૮૦૦૦૧.

**વિરુદ્ધ**

**આરોપીઓઃ- (૧) બંસરી ઈન્ફ્રા. પ્રોજેક્ટ લી.**–સંસ્થા
૧૫૨૧, બંસરી વાટીકા અને બંસરી ગ્રીનપાર્ક લેન,
પેથાપુર, ગાંધીનગર.

**(૨)** ચિરાગ વિક્રમભાઈ પટેલ–એમ્પલોયરશ્રી
૫૦૧/૧, વિરાટનગર સોસાયટી,સે.૨૩, ગાંધીનગર.

ગુન્હોઃ–ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ રૂલ્સ ૨૦૦૩ નાં ભંગ બદલ કલમ–૪૭ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરવા બાબત.

---

ફરિયાદી તરફેઃ–
આરોપી તરફેઃ– વ.શ્રી એ.જી.પાંડે.

---

**<u>––:: ઠ રા વ ::–</u>**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કસ એક્ટ ૧૯૯૬ ની કલમ–૪૨(૩) નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામનાં ફરિયાદીએ આરોપી સંસ્થાની બાંધકાની સાઈટની મુલાકાત લેતા, સદરહુ આરોપીએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ રૂલ્સ ૨૦૦૩ નાં **નિયમ–૮૪, ૫૫(૧) મુજબના વિવિધ ૬ ગુનાની** જોગવાઈઓનો ભંગ બદલ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એક્ટ ૧૯૯૬ ની **કલમ–૪૭** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોક્ત સંદર્ભની ફરિયાદ અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતા અત્રેની કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈ આવ્યા બાદ, અત્રેની અદાલત દ્વારા આ કામનાં આરોપી સંસ્થા તથા તેનાં જવાબદાર વ્યક્તિઓને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતીથી આરોપી વકીલ મારફતે હાજર રહેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત

પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદાર એ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમદારની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ હાલનો ગુન્હો કબુલ હોવાનુ જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ કામે તહોમતદાર તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

<u>–:: હુ ક મ ::–</u>

૧) સદર કામે આરોપી/સંસ્થાને ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૨ અન્વયે ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ રૂલ્સ ૨૦૦૩ નાં **નિયમ–૮૪,૫૫(૧) મુજબના વિવિધ ૬ ગુના**ના ભંગ બદલ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસની **કલમ–૪૭** હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને રૂા.૫૦૦/– x ૬ નિયમ x ૨ આરોપી એટલે કે, **રૂા.૬૦૦૦/– (અંકે રૂપિયા છ હજાર પુરા)** નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવાની કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજની લોક–અદાલત દરમ્યાન યોજવામાં આવેલ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખઃ–૨૨–૦૬–૨૦૨૪**

**સ્થળઃ–અમદાવાદ.**

**(જુઝર અબ્બાસભાઈ રંગવાલા)**
**CODE : GJ00706**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ, (જુનિયર ડિવિઝન)**
**લેબરકોર્ટ, અમદાવાદ.**